ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૩૪ ટકા

# આજે ગાંધીનગર મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓની હડતાળ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કાર્યરત મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ આજે હડતાળ પર જવાના છે. એમબીબીએસ બાદ પ્રેકટીસ કરવા માટે નેકસ્ટની પરીક્ષા કેન્દ્ર સરકાર દ્વારા ફરજીયાત કરવાનો નિર્ણય કરાયો છે જેને અનુલક્ષી વિદ્યાર્થીઓએ હડતાળનો રસ્તો અપનાવ્યો છે. તા. ૧ ફેબ્રુઆરીના રોજ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનો ગાંધી ચિંધ્યા માર્ગે (હમેં પઢને દો) શાંતિપૂર્વક પ્લેકાર્ડ સાથે સિવિલની બહારની બાજુમાં માનવ સાંકળ રચીને વિરોધ પ્રદર્શન કરશે.

આ અંગે ગાંધીનગર મેડીકલ કોલેજના એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે મેડીકલ કોલેજમાં પાંચ વર્ષના અભ્યાસક્રમ બાદ પ્રાઈવેટમાં પ્રેકટીસ કરતા ડૉકટરને નેકસ્ટની પરિક્ષા ફરજીયાત પાસ કરવી પડશે તેવો નિયમ તાજેતરમાં કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે. જેથી મેડીકલ આલમના વિદ્યાર્થીઓમાં રોષ ફેલાયો છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયને પાછો ખેંચવા ઉચ્ચકક્ષાએ રજુઆત પણ કરાઈ છે ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજમાં અભ્યાસ કરતા ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ પણ તા. ૧ ફેબ્રુઆરીને બુધવારના રોજ અભ્યાસથી અળગા રહેશે અને ગાંધી ચિંધ્યા માર્ગે પ્લે કાર્ડ સહિત વિરોધ પ્રદર્શન કરશે.




## આઈ લવ માય ગાંધીનગર



**રેવ. મનોજકુમાર એસ. પરમાર**
પ્રિસ્ટ, મૅથોડિસ્ટ ચર્ચ, સૅક્ટર-૨૩

**ગાંધીનગર ગમે**
અહીંના સુંદર કુદરતી અને શાંતિભર્યા વાતાવરણ અને જીવન જરૂરિયાતની સુવિધાઓને કારણે ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**
મોટાભાગે સરકારી નોકરિયાત છે, ભણેલા છે અને સાલસ છે. અહીંના લોકોની સેવાભાવના કાબિલે તારિફ છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
સર્વ ધર્મ સમભાવ ઉપરાંત સૌ લોકો દ્વારા સાથે મળીને તહેવારોની ઉજવણી કરવાની પ્રથા ખૂબ ગમે છે.

જુનિયર સિટિઝન કાઉન્સિલની સેવા પ્રવૃત્તિઓથી ખૂબ પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**
સૅક્ટર્સમાં આંતરિક વાહન-વ્યવહાર વ્યવસ્થા હોય તો સોનામાં સુગંધ ભળે.

**નગર માટે હું કરી શકું**
સ્વચ્છતા માટેનાં કામ, વૃક્ષારોપણ, શિક્ષણ સહાય ઉપરાંત સમાજસેવા માટે હું તત્પર છું.

## @ગાંધીનગર

● મા મેલડી ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો રામેશ્વર મહાદેવ મંદિર, સે-૩-ડી ખાતે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે.

● વૈજનાથ મહિલા મંડળ સે-૪-સી ૫૬૭/૨ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

# સે-૪-એની ફેન્સિંગ તોડી લાકડા ચોરીની આશંકા..!!

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના સેકટર-૪-એમાં ગ-૧ થી ખ-૧



તરફ જવાના માર્ગે વૃક્ષોની જાળવણી માટે કરાયેલ ફેન્સિંગ તાજેતરમાં જ તુટી જવા પામી છે. આ તુટેલી ફેન્સિંગની જાણ તંત્રને કરી દેવામાં આવી હોવા છતાં તે પ્રત્યે તંત્ર બેદરકારી દાખવી રહ્યું હોવાનું આ વિસ્તારના રહીશોનું કહેવું છે. વળી, ફેન્સિંગ તુટવાના કારણો માટે લાકડાની ચોરી પણ જવાબદાર હોવાનું આ રહીશોનું માનવું છે.

પ્રજાસત્તાક દિનની આસપાસના દિવસોમાં સે-૪-એની વૃક્ષોની સુરક્ષા માટે કરાયેલ ફેન્સિંગ તુટી હોવાનું કેટલાક પ્રત્યક્ષ દર્શીઓએ જણાવ્યું છે. તેમના કહેવા મુજબ આ જગ્યાએ કેટલાક સુકાઈ ગયેલા ઝાડ હતા જેને કાપીને લઈ જવા કેટલાક ઈસમોએ આ ફેન્સિંગ તોડી નાંખી છે. ફેન્સિંગની સાથે તેના સિમેન્ટના થાંભલા પણ તોડી નંખાયા છે. આ બાબત અંગે વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા તાત્કાલિક ફેન્સિંગની મરામત કરવાની માંગણી કરતો પત્ર આજે જિલ્લા વન અધિકારીને લખી માંગ કરી છે. રાજયના કહેવાતા હરિયાળા પાટનગરમાં વૃક્ષો અને પર્યાવરણ પ્રત્યે સેવાતી બેદરકારી તથા દુર્લક્ષ સાથે લાકડાં ચોરો પ્રત્યેના આંખ મિંચામણા આ ઘટનાથી ઉજાગર થાય છે.

# સે-૨૦ અક્ષરધામ સામે સરકારી જમીનમાં ઝુંપડપટ્ટીનો રાફડો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરમાં દબાણોએ અજગરી ભરડો લીધો છે. વધતા દબાણો દિવસે ન વધે તેટલા રાત્રે વધી રહ્યા છે. શહેરના સર્કલો, સેકટરના આંતરિક માર્ગો સહિતના સ્થળોએ લારી ગલ્લા તેમજ ઝુંપડાના દબાણ દશ્યમાન થાય છે. દબાણનો પ્રશ્ન મુખ્ય હોવાથી અધિકારીઓ પણ ચિંતીત નજરે પડી રહ્યા છે ત્યારે સેકટર-૨૦ અક્ષરધામ સામે સરકારી કરોડો રૂપિયાની કિંમતી જમીનમાં દિન પ્રતિદિન શ્રમિક પરિવારોના ઝુંપડા વધી રહ્યા છે. જેને પગલે ગાંધીનગર વસાહત મહાસંઘ દ્વારા ઉચ્ચ કક્ષાએ તાત્કાલિક અસરથી ઝુંપડા હટાવવા રજુઆત કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા આ બાબતે અગાઉ પણ અવારનવાર રજુઆત કરાયેલ છે. પણ કોઈ યોગ્ય નિર્ણય લેવાતો નથી. ૧૦ વર્ષ પહેલા ૧૦ થી ૧૨ ઝુંપડાઓ હતા આજે ૧૫૦ ઝુંપડાઓ બાંધી દબાણમાં વધારો થયો છે. આ ઝુંપડાઓની બાજુમાં અધિકારીઓના બંગલા આવેલા છે. ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમિકો જાહેરમાં શૌચાલય કરી ગંદકી કરે છે જેનાથી દુર્ગંધ મારે છે. આ ઝુંપડપટ્ટીમાં અસામાજિક તત્વો દ્વારા અડ્ડા ચાલતા હોય છે જેના પગલે આજુબાજુમાં રહેતા વસાહતીઓ પોતાના ઘર પણ સૂના નથી મુકતા અને ભયના ઓથા હેઠળ રહે છે. આ બાબતે સેકટર-૨૦ની ઈન્કવાયરીમાં પણ રજુઆત કરવામાં આવી છે. પણ કોઈ નક્કર પગલાં લેવાયા નથી. જેના પગલે આવનારા દિવસમાં ચોરી લૂંટફાટ જેવી ઘટનાઓ ના બને તે માટે ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા ઉગ્ર રજુઆત કરવામાં આવી છે.

# પીંપળજ ગામે પ્રજાસત્તાક દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૩૧

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા દ્વારા ૬૮માં પ્રજાસત્તાક દિનની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં શાળાના ટ્રસ્ટી દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. સાથે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતને લગતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગ્રામજનો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્યએ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

# સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલનો ૧૦મો વાર્ષિકોત્સવ





ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલનો ૧૦મો વાર્ષિકોત્સવ તાજેતરમાં ટાઉનહોલ ખાતે ઉજવાયો હતો. ખૂબ જ ધામધૂમથી ઉજવાયેલા આ વાર્ષિકોત્સવમાં શાળાની દરેક પાંખના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ વિવિધ મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. આ કાર્યક્રમોમાં દેશભકિતના ગીતો તથા નૃત્યો, લોકનૃત્યો, દિલધડક કરતબ, વેસ્ટર્ન ડાન્સ, મીમીક્રી, વકતૃત્વ, ટેલેન્ટ શો જેવી અનેકવિધ કૃતિઓને રજૂ કરતા બાળકોને જોઈ હોલમાં ઉપસ્થિત વાલીગણ તથા આમંત્રિતો દંગ થઈ ગયા હતા. કાર્યક્રમની સફળતા માટે તમામ પાંખના સંચાલકગણે ભારે જહેમત ઉઠાવી હતી. અકંદરે આ કાર્યક્રમને બાળકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શાળા સંચાલક તમામે મન ભરીને માણ્યો હતો.

# સે-૨૧ ખાતે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૧ શાખા દ્વારા તા. ૫-૨-૨૦૧૭ને રવિવારે સાંજે ૪ થી ૭ દરમિયાન મહારાષ્ટ્ર સમાજ ભવન ખાતે સ્નેહમિલન અને વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવાનો કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં પધારવા સે-૨૧ ખાતે રહેતા બ્રહ્મબંધુને હાર્દિક આમંત્રણ છે સાથે ભોજનનું પણ આયોજન કરવામાં આવેલ છે તેવું પ્રમુખ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક દ્વારા સ્પ્રીંગ ફેસ્ટ-૨૦૧૭ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક સે-૨૨ દ્વારા સ્પ્રીંગ ફેસ્ટ ૨૦૧૭નો કાર્યક્રમ ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયો હતો. શ્રી અક્ષરપ્રકાશ સ્વામી, શ્રી ધર્માનંદ સ્વામી અને પ્રિન્સીપાલ ધર્મેશ વેડરા દ્વારા દિપ પ્રાગટય કરી ખુલ્લો મુકાયો હતો.

આ કાર્યક્રમમાં લિહાસ ત્રિવેદી (એમ.ડી.એલ.એસ. સ્પોર્ટસ કલબ) દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં સ્પોર્ટસના મહત્વ વિશે સમજાવ્યું હતું સાથે શ્રી અક્ષરપ્રકાશ સ્વામીએ વિદ્યાર્થીઓને આર્શીવચન પાઠવ્યા હતા અને સંસ્થાના પ્રિન્સિપાલ ધર્મેશ વેડરાએ વિદ્યાર્થીઓનું મનોબળ વધારવા અને જીવનમાં આગળ વધવા પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા નાટક અને નૃત્યની કૃતિઓ દ્વારા પોતાની આવડતોને પ્રસ્તુત કરી હતી. અને સમાજને વ્યસનના દૂષણથી દૂર રહેવાનો સંદેશો પાઠવ્યો હતો.

# ઝુંડાલમાં ખુલ્લેઆમ જુગાર રમતા પાંચ શકુનીઓ પકડાયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના અડાલજ નજીક આવેલા ઝુંડાલ ગામની સીમમાં ખુલ્લા ખેતરમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી પોલીસને મળતા બપોરે અડાલજ પોલીસે દરોડો પાડી પાંચ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ પકડી પાડયા હતા. પોલીસે રૂ. ૪૩,૨૮૦ રોકડા મળીને કુલ રૂ. ૪૭,૭૮૦નો મુદ્દામાલ જપ્ત કરીને પાંચેય શકુનીઓની ધરપકડ કરી લઈ વધુ તપાસ શરુ કરી છે.

અડાલજ પી.આઈ. કે.કે. પંડયા તથા તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બપોરના અરસામાં બાતમી મળી હતી કે ઝુંડાલ ગામની સીમમાં

**રૂ. ૪૭,૭૮૦ના મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ**

ખુલ્લા ખેતરમાં જુગાર રમાઈ રહ્યો છે. તેને આધારે ટીમે દરોડો પાડયો હતો.

ખુલ્લેઆમ જુગાર રમી રહેલા પાંચેય શખ્સોને કોર્ડન કરીને દબોચી લીધા હતા. ઝુંડાલના અશોક ઉર્ફે બકા બેચર પટેલ, ચાંદખેડાના રોહીત છત્રસિંહ વાઘેલા, કિશન રમેશ વાઘેલા, બળદેવ કાળાજી ઠાકોર અને ચાંદખેડા ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતા બળદેવ સોમા રાવળ મળીને પાંચ શખ્સોની ધરપકડ કરી લીધી હતી. રોકડ રૂ. ૪૩,૨૮૦ અને પાંચ મોબાઈલ કિંમત રૂ. ૪૫૦૦ મળી કુલ રૂ. ૪૭,૭૮૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ધોળાકુવા રક્ષાશકિત સર્કલ પાસે શ્રમજીવી બાળકોને ભોજન આપ્યું

ગાંધીનગર, તા.૩૧

ધોળાકુવા રક્ષા શકિત સર્કલ પાસે અનેક શ્રમિક પરિવારો વસવાટ કરે છે. આ બાળકોને છેલ્લા ઘણા સમયથી શિક્ષણ સેવાભાવી મહિલ પ્રફુલ્લાબેન ભાવસાર અને દેવીલાબેન ઠાકર દ્વારા આપવામાં આવે છે. આ વિસ્તારના નાના ભૂલકાંઓ બંને સેવાભાવી મહિલાને જોઈ આનંદિત થઈ જાય છે. સમયાંતરે ચોકલેટ અને બિસ્કીટ આપી બાળકોને પ્રોત્સાહીત કરવામાં આવે છે. તેઓને સ્વ. મહેન્દ્રભાઈ ભાવસારના સ્મરણાર્થે તાજેતરમાં ઉત્તરાયણ પર્વમાં પતંગનું વિતરણ તેમજ અન્ય દાતા તરફથી છોલે-ચણા, પુરી, ખમણ, જલેબી મિષ્ઠાન સહિતનું ભોજન આપવામાં આવ્યું હતું.



સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ મહિલા પાંખ દ્વારા બોરિજ, ચરેડી, સે-૨૯ના છાપરામાં રહેતી જરૂરિયાતમંદ દિકરીને લગ્નપ્રસંગે ચણિયાચોળી, ૨ સાડી, દિવાલ ઘડીયાળ, દુલ્હન શણગાર, સોનાની ચુંક, ચાંદીના ગણપતિ જેવી વસ્તુઓ આપી હતી. આગામી દિવસોમાં પણ આવી ગરીબ દિકરીઓને વસ્તુઓ આપવામાં આવશે.


# ચિલોડાથી દહેગામ જતી કાર ત્રણ ગુલાંટ મારી ગઈ

## ડભોડા ત્રણ રસ્તા નજીક સર્જાયેલા અકસ્માતમાં એકનું મૃત્યુ : ત્રણ ઘાયલ : સામેથી આવતા વાહનની હેડલાઈટથી આંખો અંજાઈ જતા અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક ચિલોડાથી દહેગામ રોડ તરફ ગઈ રાત્રે ચાર મિત્રો મોબીલીયો કાર લઈને જઈ રહ્યા હતા ત્યારે ડભોડા ત્રણ રસ્તા નજીક કારને ગમખ્વાર અકસ્માત નડયો હતો. સામેથી આવતા વાહનની હેડ લાઈટથી આંખો અંજાઈ જતા કાર રોડની નીચે ઉતરી ગઈ હતી અને ત્રણ ગુલાંટ ખાઈ ગઈ હતી. આ ઘટનામાં એક યુવાનનું સ્થળ પર કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે ત્રણ ઘાયલોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને ગુનાની વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ દહેગામમાં રહેતા નરેશભાઈ જવાનમલ સોની તથા તેના અન્ય ત્રણ મિત્રો મળીને મોબીલીયા ગાડી નં. જીજે ૧ આર.એન. ૩૨૧૩ લઈને ગઈ રાત્રે ચિલોડાથી દહેગામ તરફ જઈ રહ્યા હતા. ડભોડા ત્રણ રસ્તા પાસેથી થોડા આગળ કેશવ હોટલ સામે પહોંચ્યા ત્યાં સામેના રોડથી આવતા વાહનની ડીપર લાઈટથી કારચાલક નરેશ સોનીની આંખો અંજાઈ જતા કાર રોડની બાજુમાં ઉતરી ગઈ હતી. અને કાર ત્રણ ગુલાંટ મારી ગઈ હતી. કાર ચાલક ફંગોળાઈ બહાર ફેંકાઈ ગયો હતો જયારે અંદર બેઠેલા તેના અન્ય ત્રણ મિત્રો ચેતન લાલાજી ઠાકોર, કલ્પેશ શંકરલાલ પુરોહીત અને તુષાર રમેશભાઈ શાહ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને ગાડીમાં ફસાઈ ગયા હતા. ૨૮ વર્ષીય ચેતન ઠાકોરનું સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું જયારે અન્ય ત્રણને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. બે યુવાનોની હાલત વધુ ગંભીર જણાતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.



# ત્રિ-દિવસીય બ્યુટી પાર્લર કોર્ષની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા.૩૧

નિરૂપા સર્વ કલ્યાણ ટ્રસ્ટ ડીડી ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ અને વુમનસેલના સંયુકત ઉપક્રમે તા. ૨૪-૧-૨૦૧૭થી ૨૬-૧-૨૦૧૭ સુધી ત્રિદિવસીય બ્યુટી પાર્લર કોર્ષની તાલિમ આદિજાતિની વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી.

આ ત્રિ-દિવસીય તાલિમનું ઉદઘાટન એન.ડી. પટેલે કર્યું હતું. જેમાં એમ.કે. ખેર, ડૉ. નિશાબેન તાજપુરીયા તથા પ્રિયંકા ખરાડીએ સંયોજક તરીકે જવાબદારી નિભાવી હતી. આ તાલિમ કોર્ષમાં નિરૂપા સર્વ કલ્યાણ ટ્રસ્ટના મંત્રી જીગર ખરાડી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બ્યુટીશિયન રીટાબેન પટેલ દ્વારા વિદ્યાર્થીનીઓને આઈબ્રો, વેકસ, હેરસ્ટાઈલ, ફેશિયલ, મહેંદી જેવી બ્યુટીપાર્લરને લગતી તાલીમ આપવામાં આવી હતી. આ કોર્ષના અંતે વિદ્યાર્થીનીઓને સર્ટીફીકેટ પણ આપવામાં આવ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. જયંતિકા પુરુષોત્તમ ઠક્કર, ઉ.વ.૭૧
- સ્વ. વેરસીભાઈ જેસંગભાઈ રબારી, ઉ.વ.૮૦